ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ભણાવવાનું તો બરાબર ચાલુ જ રાખજો... રાષ્ટ્રપતિએ ભલે કહ્યું કે, ગુજરાતનાં માણસો બુદ્ધિશાળી છે...!!

# ગાંધીનગર મતગણતરી કેન્દ્ર બહાર કાર્યકતાઓને પગલે રાજકીય માહોલ ગરમાયો

ગાંધીનગર તા.૨

સ્થાનિકસ્વરાજયની ચુંટણીની મતગણતરી પ્રક્રિયા આજે શહેરની સેકટર-૧૫ સ્થિત સરકારી વિનયન કોલેજ ખાતે હાથ ધરાઈ હતી. આ પરથી ટેકેદારોએ ખરીદી પણ કરી હતી. પરંતુ પરિણામ વિપરીત આવતા ટેકેદારો તેમજ ઉમેદવારોને વિલા મોઢે પરત ફર્યા હતા. જયારે કોંગ્રેસના જવંલત વિજયને પગલે સ્થાનિક સ્વરાજયની ચુંટણીની મતગણતરી પ્રક્રિયા ચાલતી હતી. ત્યાં સવારથી જ ઉમેદવારોના ટેકેદારો મોટીસંખ્યામાં ઉમટી પડયા હતા. જેને પગલે કોલેજ વિસ્તારમાં શીશ ઝુંકાવી આવ્યા હોવાનું સ્પષ્ટ દેખાતું હતું. મતગણતરી શરુ હતી ત્યારે બહાર આ ઉમેદવાર આટલા વોટથી આગળ છે ના મેસેજ આવતા ચહલપહલ વધી ગઈ હતી સવારે ૯ થી ૧૨ કલાક દરમ્યાન કાર્યકર્તાઓનો માનવ મહેરામણ જામ્યો હતો. કોલેજ વિસ્તારથી સ્વર્ણીમપાર્ક પાસે ગાડીઓનો ખડકલો થઈ ગયો હતો. પોતાના ઉમેદવારની સ્થિત જાણવા બહાર ઉભેલા ટેકેદારો ઉત્સુક બન્યા હતા. થોડા સમયમાં જો અંદર થી કોઈ મેસેજના મળે તો ચિંતિત નજરે પડતા હતા. સવારે મતગણતરી કેન્દ્ર પર આવેલા કેટલાક ઉમેદવારો વિજય વિશ્વાસ સાથે આવ્યા હોવાથી જીત બાદ સરઘસ નીકાળવા માટે ખુલ્લી જીપો તેમજ ઢોલ લઈને આવ્યા હતા. નવ થી ૧૨ કલાકના સમયમાં કોલેજ બહાર ભારે રસાકસી જોવા મળી હતી.

પરંતુ જેમ જેમ વિજેતા ઉમેદવારોના નામ જાહેર થતા કહીં ખુશી કહી ગમના દ્રશ્યો સર્જાયા હતા. જયારે વિજય સરઘસ માટે મંગાવેલી જીપો પણ ટપોટપ જતી રહી હતી. જયારે ભાજપના ધાર્યા કરતા વિપરીત પરિણામ આવતા ઉમેદવારો વિલા મોં એ પરત ફર્યા હતા. જયારે કોંગ્રેસની ભવ્ય જીત થતા કાર્યકરો ગેલમાં આવી ગયા હતા. ફટાકડા ફોડી ગુલાલ ઉડીડી જીતની ખુશી વ્યકત કરી હતી. માત્ર ત્રણ કલાકની આસપાસ પરિણામ આવી ગયું હતું. કોલેજ રોડ ગુલાલથી રંગાઈ ગયો હતો. મતગણતરીને પગલે સવારથી જ ફુલોની ગુલાલની હાટડીઓ સહિત ચા પાણી નાસ્તાની લારીઓ ગોઠવાઈ ગઈ હતી. સવારે ઠંડી હોવાથી કાર્યકરોએ પણ ચા અને નાસ્તાની લારીઓ પર નાસ્તો કરતા નજરે પડયા હતા. કોલેજની બહાર કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે અંગે પોલીસે ચાપતો બંદોબસ્ત ગોઠવ્યો હતો. મતગણતરી કેન્દ્રની બહાર પણ સુંદર રાજકીય માહોલ જામ્યો હતો.





સ્થળે સવાર થી જ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ઉમેદવારો સવારે મંદિરે જઈને મતગણતરી કેન્દ્રની બહાર હાજર વડિલોના આર્શિવાદ મેળવી વિજય વિશ્વાસ સાથે અંદર પ્રવેશ્યા હતા. જયારે બહાર ઉભેલા ભાજપ અને કોગ્રેસના ટેકેદારોએ ઉમેદવારોની જીતની તૈયારીરુપે ઢોલ અને ખુલ્લી જીપ મંગાવી લીધી હતી. ફુલો અને અબીલ અને ગુલાલની હાટડીઓ કાર્યકર્તાઓએ ફટાકડા ફોડી અબીલ-ગુલાલ ઉડાડી વિજયને વધાવ્યો હતો.

રાજયભરમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીની મતગણતરી પ્રક્રિયા હોવાથી આજે સવારથી રાજયના શહેરોમાં રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. ભાજપ તેમજ કોંગ્રેસ પક્ષમાંથી કોણ જીતશે તે જાણવા સૌ કોઈ ઉત્સુક હતા. ગાંધીનગર જિલ્લા પંચાયતની રાજકારણનો અનેરો માહોલ સર્જાયો હતો.આ ટેકેદારો અંદરો અંદર પોતાના ઉમેદવારો જીતવાનો વિશ્વાસ વ્યકત કરતા નજરે પડયા હતા. મતગાણતી સવારે ૯ કલાકે શરુ થાય તે પહેલા ભાજપ,કોંગ્રેસ,તેમજ અપક્ષ ઉમેદવારો કોલેજ ગેટ પાસે આવી પહોંચ્યા હતા. મતગણતરી પ્રક્રિયામાં જતા પહેલા દરેક ઉમેદવાર વડિલોના આશિર્વાદ મેળવીને મંદિરે જઈ ભગવાનને

## ભાજપના વિજય ગુમાન પર પ્રજાએ લગામ કસી છે : નિશીત વ્યાસ

ગાંધીનગર, તા. ૨

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને પ્રવકર્તા શ્રી નિશીત વ્યાસે વિજયના વધામણા કરાતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ મુક્ત ભારતના સપના જોનાર મોદીને માત્ર ૧૮ મહિનામાં જ ધોળે દિવસે ગુજરાતના જાગૃત મતદારોએ પ્રચંડ જન આશીર્વાદરૂપી ખોબે ખોબે મત આપી ગુજરાતના ૭૫ ટકા વિસ્તારમાં અને ૧૨૦થી વધુ વિધાનસભા મતવિસ્તારમાં કોંગ્રેસનો ધ્વજ લહેરાવી ભાજપના વિજય ગુમાન પર લગામ કસવાનું શ્રેય ગુજરાતની જાગૃત જનતાને જાય છે. બહુમતના જોરે તાનાશાહીના રવૈયો અપનાવનાર ગુજરાતની ભાજપ સરકારને ગુજરાતની પ્રજાએ જાકારો આપ્યો છે.

૬ મહાનગરપાલિકામાં જ્યાં કોંગ્રેસનો જનઆધાર વધ્યો છે તેમ છતાં પણ ભાજપના મિત્રો કહે છે કે મુખ્યમંત્રીનો દબદબો છે. તો શું ૨૨ જિલ્લા પંચાયતમાં તેમનો દબદબો ક્યાં છે ? શું મુખ્યમંત્રી માત્ર મહાનગરપાલિકાના જ છે ?

# દહેગામ પાલિકામાં કેસરીયો લહેરાયો

દહેગામ, તા. ૨

દહેગામ નગરપાલિકામાં ૨૮ બેઠકોમાં ૧૪ બેઠક પર મહિલાઓ અને ૧૪ બેઠક પર પુરૂષ ઉમેદવાર એમ નવા સીમાંકન મુજબ ૨૮ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવતા કુલ વોર્ડ ૭ની ચૂંટણીમાં કુલ ૬૮ ઉમેદવારો મેદાને ઉતર્યા હતા.

જેમાં વોર્ડ નં. ૧માં ભાજપમાં ૩, કોંગ્રેસ-૧ ઉમેદવાર વિજેતા થયેલ. વોર્ડ નં. ૨માં ભાજપમાં ૨, કોંગ્રેસ-૨ ઉમેદવાર વિજેતા થયેલ, વોર્ડ નં. ૩માં

### દહેગામ નગરપાલિકામાં ભાજપે મેદાન માર્યુ

ભાજપમાં ૧, કોંગ્રેસ-૩ ઉમેદવાર વિજેતા થયેલ, વોર્ડ નં. ૪માં ભાજપ-૪ ઉમેદવાર વિજેતા થયેલ, વોર્ડ નં. ૫માં ભાજપના ઉમેદવાર વિજેતા થયેલ, વોર્ડ નં. ૬માં ભાજપના ઉમેદવાર વિજેતા થયેલ, વોર્ડ નં. ૭માં ભાજપ-૧ અને કોંગ્રેસના ૩ ના ઉમેદવાર વિજેતા થયેલ. આમ, ભાજપના ૧૯ ઉમેદવારો તથા કોંગ્રેસના ૯ ઉમેદવારો વિજયી બનેલ છે.

આમ, નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટી શાસન કરશે અને કોંગ્રેસ વિપક્ષની ભૂમિકા નિભાવશે. આમ, પરિવર્તન એ કોંગ્રેસને જાકારો આપી ભાજપને સત્તા સ્થાને બેસાડેલ છે. હવે વિકાસના કામો ઉપર દેહગામ નગરપાલિકાના નવા ચૂંટાયેલા સભ્યો ઉપર સત્તાધીશોએ અગ્રેસર ભૂમિકા ભજવવી પડશે.

## આજે વિકલાંગોના શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોનું સન્માન

ગાંધીનગર, તા. ૨

૩જી ડિસેમ્બર વિશ્વ વિકલાંગ દિવસ નિમિત્તે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા વિકલાંગોના શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર રાજ્યના ચાર શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક તરીકેનું રાજ્ય પારિતોષિક આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

સન્માનિત કરવામાં આવનાર શિક્ષકોમાં લખાણી પુરષોત્તમભાઈ મુળજીભાઈ, શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા ભાવનગર, શ્રી દેસાઈ ઘેમરભાઈ ભગવાનભાઈ, શ્રીમતિ એમ.કે. વ્યાસ અને શ્રીમતિ વાય.આર. સાડેસરા, બહેરામુંગાની શાળા પાટણ, શ્રી પટેલ ભરતકુમાર નારણભાઈ, અંધ અપંગ હાયર સેકન્ડરી સ્કૂલ, ઘાટલોડિયા, અમદાવાદ અને શ્રી શિણોલ માનસિંહભાઈ શિવુભાઈ, બહેરા બાળકોની પ્રાથમિક શાળા, સુરતનો સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રેષ્ઠ શિક્ષકોને રૂપિયા ૫૧૦૦૦નું રોકડ પુરસ્કાર, શાલ અને સન્માન પત્ર આપી સન્માનિત કરવામાં આવશે તેમ નાયબ નિયામક, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગરની યાદીમાં જણાવાવમાં આવ્યું છે.

## હરસોલી તાલુકા બેઠકના ભાજપના ઉમેદવાર મીનાબેનનો બહુમતિથી ભવ્ય વિજય

હરસોલી, તા. ૨

અમરાભાઈ મુવાડા તાલુકા સીટના ભાજપના ઉમેદવાર અને કોંગ્રેસના ઉમેદવારને હરાવી બહુમતિથી મીનાબેન ચૌહાણે ભવ્ય વિજય હાંસલ કરતાં આજે હરસોલી અને વાસણા રાઠોડના મતદારોમાં ભારે ખુશીનો માહોલ છવાયો હતો. હરસોલીએ કોંગ્રેસનો ગઢ ગણાતો હતો. ૨૦૦૧થી ૨૦૦૫માં હરસોલી તાલુકા પંચાયતમાં ચૂંટાયેલા સાબાબેન અગરસિંહ ચૌહાણ બહુમતિથી આ ગઢ તોડ્યો હતો. ત્યારે બે ટર્મ એટલે કે છેલ્લા ૧૦ વર્ષમાં કોંગ્રેસે શાસન કર્યું હતું અને ૨૦૧૫માં ફરીથી ભાજપના ઉમેદવાર મીનાબેન દાદુસિંહ ચૌહાણે કોંગ્રેસનો ગઢ કહેવાતી સીટ ઉપરથી બહુમતિથી વિજય હાંસલ કર્યો છે.

હરસોલી ગઢ ભાજપના ઉમેદવારે જીતી લીધેલ છે. આ બાબતે મીનાબેનની જીત થતાં સમગ્ર મતદારો તેઓના આ વિજય બદલ ગેલમાં આવી ગયા હતા. તેઓને વાજતે ગાજતે ગળામાં ફૂલહાર પહેરાવી સન્માન કર્યુ હતુ અને દહેગામમાં રેલી કાઢી હતી. ભાજપના કાર્યકરોએ નાચતા કુદતા આ મીનાબેનને વધાવી લીધા હતા. હરસોલી ગામમાં બેન્ડવાજા તથા ફટાકડા ફોડી બેનનું સ્વાગત કર્યુ હતું. ભાજપના તમામ કાર્યકરોએ અપેક્ષા મુજબ મીનાબેનને જીતાડવા રાત-દિવસ પ્રયત્નો કર્યા હતા. મીનાબેન ચૌહાણે તમામ કાર્યકરોને આ વિજય બદલ શુભેચ્છા પાઠવી હતી.

## જિલ્લા પંચાયતમાં જવલંત વિજય બદલ કોંગ્રેસ મતદારોનો આભાર માને છે

ગાંધીનગર, તા. ૨

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં કોંગ્રેસ પક્ષને જવલંત વિજય અપાવવા બદલ તેમજ લોકશાહીને જીવંત રાખવા બદલ ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રજાજનો તેમજ મતદારોનો હૃદયપૂર્વક આભાર માને છે. ગાંધીનગર જિલ્લા પંચાયતની કુલ ૩૦ બેઠકોમાંથી ૨૯ બેઠકો પર ચૂંટણી જંગ ખેલાયો હતો. તેમાંથી ૨૫ બેઠકો ઉપર કોંગ્રેસ પક્ષના ઉમેદવારોની જંગી બહુમતીથી જીત થઈ છે. આ ઉપરાંત માણસા, કલોલ અને દહેગામ એમ ત્રણે તાલુકા પંચાયતોમાં પણ કોંગ્રેસ પક્ષનો જવલંત વિજય થયો છે. વધુમાં જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભી જણાવે છે કે ગાંધીનગર જિલ્લાના પ્રજાજનોએ ભાજપને જાકારો આપ્યો છે. તેમજ પક્ષ પલટુ અને તકસાધુ ઉમેદવારોને પ્રજાએ ઓળખીને નકાર્યા છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ ગુજરાતના નવસર્જનની થીમ ઉપર પ્રજાજનો પાસે મતની માંગણી કરી હતી. જેને લોકોએ ઉમળકાભેર વધાવીને કોંગ્રેસ પક્ષને ખોબલે ખોબલે મત આપીને જવલંત વિજય અપાવ્યો છે.

સૂર્યસિંહ ડાભીએ જણાવ્યું છે કે કોંગ્રેસની આ ભવ્ય જીત પ્રજાજનોને આભારી છે. રાજ્ય સરકારની ચૂંટણી યોજવા માટેની શંકાસ્પદ ભૂમિકાને લીધે નામદાર હાઈકોર્ટના નિર્દેશથી ચૂંટણીઓ યોજવાની ફરજ પડી હતી. જેથી પ્રજાએ ભાજપની નકારાત્મક વિચારધારાની રાજનીતિને લપડાક મારી છે. સ્થાનિક કક્ષાએ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા સર્વસંમતિ, ટીમ સ્પીરીટ, જીતના સમીકરણો, કાર્યકરોની અથાગ મહેનત, ઉમેદવારોની રણનીતિ અને વ્યૂહ સાથેના વિવિધ પરિબળોને ધ્યાનમાં રાખી કરવામાં આવી હતી. કોંગ્રેસ પક્ષ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં 'નવસર્જન ગુજરાત'ની થીમ ઉપર ૨૦ મુદ્દાનો સંકલ્પ પત્ર વગેરે પ્રજાજનો સમક્ષ મુક્યો હતો. કોંગ્રેસના જયઘોષથી ગાંધીનગર જિલ્લામાં પ્રજાના પ્રશ્નો અને વિકાસના કામોને વેગવંતા બનાવવાની નેમ સાથે સુચારૂ વહીવટ અને સુશાસન આપવાની નેમ સાથે જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખે સૌ મતદારો-આગેવાનો અને કાર્યકરોનો આભાર માનીને ભવિષ્યમાં આવનાર ચૂંટણીઓમાં પણ કોંગ્રેસ પક્ષ પ્રજાજનોનો પુનઃ વિશ્વાસ પ્રાપ્ત કરશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો છે.

## આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં મહેસુલ વિભાગ સામે નાણા વિભાગનો વિજય

આંતર વિભાગીય સચિવાલય ક્રિકેટ ટુર્નામેન્ટની સ્પર્ધાની મેચ બુધવારે સે-૨૧ જીમખાના ક્રિકેટના મેદાન ખાતે નાણા વિભાગ અને મહેસુલ વિભાગની ટીમ વચ્ચે રમાઈ હતી. મહેસુલ વિભાગની ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ લેતા ૨૦-૨૦ ઓવરની મેચમાં ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૯૮ રન કરેલ હતા જેમાં વિશાલ પંચાલ ૨૨ રન અને પ્રેરક પટેલ ૨૨ રન મુખ્ય હતા. નાણા વિભાગની ટીમની બોલીંગમાં ભરત ઠાકર-૩ વિકેટ, ધર્મેશ કહાર-૨ વિકેટ અને વૈભવ મોડ ૧ વિકેટ મેળવેલ હતી. નાણા વિભાગનો ૧૪ ઓવરમાં ૩ વિકેટે ૯૬ રન કરતા ૭ વિકેટ ભવ્ય વિજય થયો છે. જેમાં નાણા વિભાગની બેટીંગમાં ધવલ અગ્રાવત-૮ રન, દિલીપસિંહ રાજપુત-૨૦ રન, સંદિપસિંહ ચાવડા-૨૭ રન નોટ આઉટ, શૈલેષ પ્રજાપતિ-૨૪ રન નોટ આઉટ મુખ્ય હતા. મહેસુલ વિભાગની બોલીંગમાં વત્સલ વોરા, જીજ્ઞેશ ચૌધરી અને પાર્થ પટેલે ૧-૧-૧ વિકેટ મેળવી હતી. નાણા વિભાગની ટીમનો ૭ વિકેટે ભવ્ય વિજય થયો છે. મેચમાં ઓલરાઉન્ડ દેખાવ બદલ ભરત ઠાકરે ૪ ઓવરમાં ૧૮ રન આપીને ૩ વિકેટ મેળવતા મેન ઓફ ધી મેચ જાહેર કર્યા હોવાનું નાણા વિભાગની ટીમના મેનેજર દિનેશ દાણીએ જણાવ્યું છે.

# કોને-કેટલા મત મળ્યા

| હરીફ ઉમેદવારના નામ | ટપાલ મતો દ્વારા નોંધાયેલ | ઉમેદવારને મળેલ માન્ય મતો | | | કુલ માન્ય મતો | થયેલ કુલ માન્ય મતો |
|---|---|---|---|---|---|---|
| | | પ્રથમ રાઉન્ડ | બીજો રાઉન્ડ | ત્રીજો રાઉન્ડ | | |
| **૭-છાલા** | | | | | | |
| ગીતાબેન મુકેશભાઈ સોનારા | ૦ | ૧૮૨ | ૨૩૪ | ૬૯ | ૪૮૫ | ૪૮૫ |
| મંગીબેન દિલીપભાઈ પટેલ(ભાજપ) | ૦ | ૪૭૫૫ | ૩૨૫૮ | ૧૪૪૭ | ૯૪૬૦ | ૯૪૬૦ |
| મંગુબહેન શનાભાઈ પટેલ(કોંગ્રેસ) | ૫ | ૪૦૩૭ | ૪૨૭૨ | ૨૦૪૧ | ૧૦૩૫૦ | ૧૦૩૫૫ |
| ઉપર પૈકી કોઈ નહી | ૫ | ૨૦૨ | ૨૭૨ | ૮૧ | ૫૫૫ | ૫૬૦ |
| **૮-ચિલોડા(ડ)** | | | | | | |
| અરવિંદસિંહ અમરસિંહ સોલંકી(કોંગ્રેસ) | ૫ | ૫૨૪૩ | ૪૮૧૬ | - | ૧૦૦૫૯ | ૧૦૦૬૪ |
| સુમિતસિંહ પુનમસિંહ ઠાકોર(ભાજપ) | ૦ | ૨૬૨૬ | ૨૦૫૮ | - | ૪૬૮૪ | ૪૬૮૪ |
| જયંતિલાલ ગોરધનભાઈ પટેલ(અપક્ષ) | ૨ | ૧૨૦૦ | ૫૩૮ | - | ૧૭૩૮ | ૧૭૪૦ |
| ઉપર પૈકી કોઈ નહી | ૦ | ૧૬૦ | ૧૮૪ | - | ૩૪૪ | ૩૪૪ |
| **૯-ચિલોડા(ન)** | | | | | | |
| મંજુલાબેન કરશનજી જાદવ(ભાજપ) | ૦ | ૨૯૮૪ | ૩૯૨૬ | - | ૬૯૧૦ | ૬૯૧૦ |
| રાજીબેન બળદેવજી રાઠોડ(કોંગ્રેસ) | ૦ | ૩૫૮૭ | ૩૬૩૪ | - | ૭૨૨૧ | ૭૨૨૧ |
| ઉપર પૈકી કોઈ નહી | ૦ | ૧૬૦ | ૧૮૪ | - | ૩૪૪ | ૩૪૪ |
| **૧૦-ડભોડા** | | | | | | |
| દિનુભાઈ સોમાજી ઠાકોર(કોંગ્રેસ) | ૦ | ૩૦૯૧ | ૫૯૫૪ | ૧૯૨૨ | ૧૦૯૬૭ | ૧૦૯૬૭ |
| લલીતકુમાર પરબતસિંહ યાદવ(ભાજપ) | ૦ | ૩૫૭૦ | ૨૭૦૬ | ૯૨૭ | ૭૨૦૩ | ૭૨૦૩ |
| ઉપર પૈકી કોઈ નહી | ૦ | ૧૪૫ | ૧૭૦ | ૪૩ | ૩૫૮ | ૩૫૮ |
| **૧૫-કોલવડા** | | | | | | |
| ઉષાબેન મનુભાઈ પટેલ(ભાજપ) | ૦ | ૨૨૮૬ | ૩૦૬૨ | - | ૫૩૪૮ | ૫૩૪૮ |
| સોનલબેન જીતેન્દ્રકુમાર પટેલ(કોંગ્રેસ) | ૦ | ૬૩૬૯ | ૨૯૯૯ | ૯૩૬૮ | ૯૩૬૮ | |
| ઉપર પૈકી કોઈ નહી | ૦ | ૨૨૮ | ૧૯૩ | - | ૪૨૧ | ૪૨૧ |
| **૧૬-કુડાસણ** | | | | | | |
| કેશાભાઈ સોમાભાઈ રાઠોડ(અપક્ષ) | ૦ | ૧૦૩ | ૧૭૧ | ૨૩ | ૨૯૭ | ૨૯૭ |
| બેચરજી સવધાનજી ઠાકોર(કોંગ્રેસ) | ૦ | ૩૯૬૬ | ૫૩૮૬ | ૧૨૯૦ | ૧૦૬૪૨ | ૧૦૬૪૨ |
| હીનાબેન હરેશભાઈ પટેલ(ભાજપ) | ૦ | ૩૨૨૬ | ૨૮૫૧ | ૪૧૩ | ૬૪૯૦ | ૬૪૯૦ |
| ઉપર પૈકી કોઈ નહી | ૦ | ૨૩૦ | ૧૭૪ | ૩૦ | ૪૩૪ | ૪૩૪ |
| **૨૮-ઉવારસદ** | | | | | | |
| નરેશકુમાર કાંતિજી ઠાકોર(કોંગ્રેસ) | ૯૦ | ૫૭૩૯ | ૨૯૭૧ | - | ૮૭૧૦ | ૮૮૦૦ |
| મહોતજી માસંગજી ઠાકોર(ભાજપ) | ૭૩ | ૩૯૪૨ | ૨૭૬૭ | - | ૬૭૦૯ | ૬૭૮૨ |
| ઉપર પૈકી કોઈ નહી | ૧ | ૨૬૦ | ૧૦૫ | - | ૩૬૫ | ૩૬૬ |
| **૨૯-વાવોલ** | | | | | | |
| જયસિંહભાઈ દલાભાઈ ચારેલ(કોંગ્રેસ) | ૦ | ૨૬૫૩ | ૪૦૪૭ | - | ૬૭૦૦ | ૬૭૦૦ |
| દિવાળીબેન ખાતરાભાઈ ઠાકોર(ભાજપ) | ૦ | ૨૫૬૫ | ૨૩૬૨ | ૦ | ૪૯૨૭ | ૪૯૨૭ |
| ઉપર પૈકી કોઈ નહી | ૦ | ૧૪૬ | ૨૩૪ | ૦ | ૩૮૦ | ૩૮૦ |
| **૩૦-ઝુંડાલ** | | | | | | |
| નરસિંહભાઈ સવાભાઈ પરમાર(ભાજપ) | ૦ | ૩૦૬૯ | ૭૭૨ | - | ૩૮૪૧ | ૩૮૪૧ |
| લાલભાઈ નરસીભાઈ પરમાર(કોંગ્રેસ) | ૦ | ૨૯૯૧ | ૧૬૭૫ | - | ૪૬૬૬ | ૪૬૬૬ |
| ગિરીશભાઈ પશાભાઈ પરમાર | ૦ | ૨૭૭ | ૧૮૮૩ | - | ૨૧૬૦ | ૨૧૬૦ |
| ઉપર પૈકી કોઈ નહી | ૦ | ૨૧૧ | ૧૪૧ | - | ૩૫૨ | ૩૫૨ |